ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુજરાતમાં અમિત શાહ ચૂંટણી લડશે, ગાંધીનગર લોકસભા બેઠક પહેલી પસંદ

ગાંધીનગર

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગુજરાતમાંથી લોકસભાની ચૂંટણી લડે તેવી સંભાવના છે. તેઓ મુખ્યત્વે ગાંધીનગર લોકસભા બેઠક પસંદ કરે તેમ મનાય છે. આ બેઠક ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીનો મતવિસ્તાર છે.

ગાંધીનગર બેઠક પર સૌ પ્રથમ ૧૯૬૭માં લોકસભાની ચૂંટણી થઈ હતી જેમાં કોંગ્રેસના સોમચંદ સોલંકી વિજેતા થયા હતા. તેઓએ




૧૯૭૧માં પણ આ બેઠક જાળવી રાખી હતી. ૧૯૭૭માં ભારતીય લોકદળના પુરૂષોત્તમ માવલંકર વિજેતા થયા હતા પરંતુ ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર અમ્રિતા પટેલ ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૮૪માં કોંગ્રેસના જીઆઈ પટેલ વિજેતા થયા પછી આ બેઠક ભાજપને ફાળે ગઈ છે. ૧૯૮૯માં ભાજપના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા ગાંધીનગરની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા.

જો તે તેમણે ૧૯૯૧માં પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી માટે ગાંધીનગરની બેઠક ખાલી કરી આપી હતી. એ ચૂંટણીમાં અડવાણી જીતી ગયા હતા. અડવાણીએ આ બેઠક ૧૯૯૬માં પાર્ટીના વરિષ્ઠ નેતા અટલ બિહારી વાજપેયી માટે ખાલી કરી આપી હતી, વાજપેયી લખનૌ અને ગાંધીનગર એમ બન્ને બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા. પરંતુ વાજપેયી ચૂંટણી જીત્યા પછી લખનૌ બેઠક જાળવી રાખી ગાંધીનગર બેઠક પરથી રાજીનામું આપી દીધું હતું. આ બેઠક ખાલી પડતાં ભાજપના વિજય પટેલ ફિલ્મ સ્ટાર કોંગ્રેસના ઉમેદવાર રાજેશ ખન્ના સામે ચૂંટણી જીતી ગયા હતા.

૧૯૯૮ પછી ગાંધીનગર બેઠક માટે અડવાણી પસંદ થતાં આવ્યા છે અને તેઓ ચૂંટણી જીતતા આવ્યા છે. છેલ્લી પાંચ ટર્મથી અડવાણી ગાંધીનગરના સંસદસભ્ય છે. નરેન્દ્ર મોદીની ઈચ્છા ન હોવા છતાં ૨૦૧૪માં છેલ્લી ઘડીએ ભાજપે અડવાણીને ટીકીટ આપી હતી અને તેઓ જીત્યા હતા.

હવે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં અડવાણી ગાંધીનગરથી લડવાના નથી તેવું પાર્ટીના સૂત્રો કહે છે. તેમની જગ્યાએ પાર્ટી ભાજપના અધ્યક્ષ અમિત શાહને ચૂંટણી લડાવવા માગે છે. હાલ અમિત શાહ રાજ્યસભાના સભ્ય છે પરંતુ લોકસભા લડાવીને તેમને કેન્દ્રની કેબિનેટમાં લઈ જવાનો ભાજપનો પ્લાન છે. અમિત શાહના રાજીનામાથી ખાલી પડતી રાજ્યસભાની બેઠક ભાજપ કોઈ અન્ય નેતાને આપી શકે છે. પાર્ટી સૂત્રો કહે છે કે અમિત શાહ માટે ગાંધીનગર લોકસભા બેઠક સલામત છે, કારણ કે ગુજરાત કોંગ્રેસ પાસે ગાંધીનગર લોકસભા બેઠક માટે કોઈ મજબૂત ઉમેદવાર નથી.

# ભરૂચમાં છોટુ વસાવા લોકસભાની ચૂંટણી લડશે, કોંગ્રેસ સમર્થન કરશે

ગુજરાતની ભરૂચ લોકસભા બેઠક પર બીટીપીના હાલના ધારાસભ્ય છોટુ વસાવા અને ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. ભાજપ માટે આ બેઠક ભયમાં આવી ગઈ છે, કેમ કે છોટુ વસાવાનું આ વિસ્તારમાં વર્ચસ્વ વધારે છે, જ્યારે કોંગ્રેસ આ બેઠક પર ઉમેદવાર ઉભો નહીં રાખીને છોટુ વસાવાને સમર્થન કરશે.

લોકસભાની ભરૂચ બેઠક પર ૧૯૫૧થી લોકસભાની ચૂંટણી થાય છે. કોંગ્રેસે ૧૯૮૪ સુધી આઠ વખત આ બેઠક કબજે કરી છે. ૧૯૮૯માં હિન્દુત્વ લહેરમાં ભાજપના ચંદુભાઈ દેશમુખ આ બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા. તેઓ ૧૯૯૮ સુધીની ચાર ટર્મ આ બેઠક ઉપર સંસદસભ્ય રહી ચૂક્યાં છે. ૧૯૯૮ના બાય ઈલેક્શનમાં ભાજપના મનસુખ વસાવાએ આ બેઠક પરથી વિજય પ્રાપ્ત કર્યો હતો ત્યાર થી ભાજપે ભરૂતની બેઠક પર ઉમેદવાર બદલ્યા નથી. મનસુખ વસાવા છેલ્લી પાંચ ટર્મથી બેઠક જીતતા આવ્યા છે.

ઝઘડિયાના ધારાસભ્ય છોટુ વસાવા આ વખતે લોકસભાની ચૂંટણી લડવાના છે. તેઓ તેમની વિધાનસભા બેઠક પર ૧૯૯૦થી વિજયી બને છે. તેઓ સાત ટર્મથી ધારાસભ્ય છે. તેઓ પહેલાં જનતાદળમાં હતા, ત્યારબાદ જનતાદળ (યુનાઈટેડ) અને છેલ્લે ૨૦૧૭માં ભારતીય ટ્રાઈબલ પાર્ટીમાંથી ચૂંટણી લડ્યા છે.

ગુજરાતમાં ત્રણ ખાલી બેઠકો પર રાજ્યસભાની ચૂંટણી હતી ત્યારે કોંગ્રેસના ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતને રાજીનામું

● અનુસંધાન પાન-૭ પર



શહેરના હાર્દસમાં વિસ્તારમાં સ્થિત ખાણીપીણી બજારમાં અત્યાર સુધી ફાળવવામાં ન આવેલી દુકાનો પણ ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. જયારે આ વિસ્તારમાં ઓપન એર થિયેટર પણ ઉપયોગના અભાવ વચ્ચે બિસ્માર જોવા મળી રહ્યો છે. ત્યારે ખાણી પીણી બજારમાં સ્થિત નાના બગીચાને પણ તંત્રની લાપરવાહીના લીધે આ બિમારી લાગી ગઈ છે. જાળવણીના અભાવે ગંદકીનુ કેન્દ્ર સ્થાન બનતા ઉદ્યાનની હરિયાળી પણ વેરાન થવા તરફ છે.

# સે-૪ બી માં પુરતા ફોર્સથી પાણી ન આવતા રહીશોમાં આક્રોશ

**થોડા દિવસો અગાઉ પણ નવા સેક્ટરમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો હતો**

ગાંધીનગર તા ૧૪

શહેરના સે-૪ બી માં પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.રોજ સવારે પાણીની પોકાર ઉઠતા સ્થાનિકોમાં પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. આ મામલે વોર્ડ ન-૮ ના કાઉન્સિલર પ્રવિણાબેન વોરાએ સેકટરમાં પુરતા ફોર્સથી પાણી વિતરણ થાય તેવી વ્યવસ્થા કરવા માટે પણ તંત્રને રજુઆત કરી છે.

શહેરના નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની અવારનવાર ફરિયાદો ઉઠવા પામે છે. જયારે નવા સેકટરોમાં પાણી ફોર્શથી ન આવતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. થોડા દિવસો અગાઉ પણ નવા સેકટરમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પ્રબળ બન્યો હતો. જયારે છેલ્લા કેટલાક સમયથી સે-૪ બી માં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આ મામલે વોર્ડનં -૮ના કાઉન્સિલર પ્રવિણાબેન વોરાએ રજુઆતમાં જણાંવ્યા મુજબ સેકટર -૪ બી માં છેલ્લા ઘણાં સમયથી પાણીની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે છેલ્લા કેટલાક સમયથી પાણીનો ફોર્શ સદંતર ઘટી ગયો છે. આ મામલે તેમણે કાર્યપાલક ઈજનેરનો રજુઆતમાં જણાંવ્યા મુજબ સેકટરવાસીઓને ફોર્સથી પાણી મળી રહે તેવી કાયમી વ્યવસ્થા ગોઠવાય તેવા પગલા લેવા પણ જણાંવ્યુ છે.

# ધોરણ-૧૨માં ગણિતનું પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર

**જિલ્લામાંથી ૩૧ વિદ્યાર્થીઓની હાજરી ઘટી : વિજ્ઞાન પ્રવાહમાં મુખ્ય વિષયની પરીક્ષાઓ પુર્ણ થતા વિદ્યાર્થીઓમાં હાંશકારો**

ગાંધીનગર તા ૧૪

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિતની પરીક્ષા હતી. જિલ્લામાંથી ૩૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. જયારે ગણિતનુ પેપર ગત વર્ષની જેમ સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર સાથે હાંશકારો પ્રવર્તયો હતો. વિજ્ઞાન પ્રવાહમાં હવે મુખ્ય વિષયની પરીક્ષાઓ પુર્ણ થતા પરીક્ષાર્થીઓ આજે હળવા મુડમાં જોવા મળ્યા હતા.

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં આજે ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં કુલ ૨૬૦૮ વિદ્યાર્થીઓમાંથી ૨૫૭૭ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જયારે ૩૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગણિતનુ પેપર સરળ રહ્યુ હતુ. આ અંગે વિષય નિષ્ણાંત પ્રતિક પંડયાએ જણાંવ્યા મુજબ ગણિતનુ પેપર સંપુર્ણ પાઠયપુસ્તક



આધારિત અને સરળ હતુ. વિભાગ બી માં સેકશન એ માં પ્રથમ બે ગુણનો દાખલો પાઠયપુસ્તકનો ન હતો. આ સિવાય તમામ પ્રશ્નો પાઠયપુસ્તક આધારતિ હતા. વિભાગ અ ના બધા જ એમ સી કયુ પણ પાઠયપુસ્તક આધારિત હતા.એકપણ એમ સી કયુ વિદ્યાર્થીઓને અઘરા પડે તેવા ન હતા. ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગણિતનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓના મુખ્ય વિષયની પરીક્ષા પુર્ણ થતા હાંશકારો અનુભવ્યો હતો.

# ધો -૧૦ માં સમાજ વિજ્ઞાનનુ પેપર સરળ જિલ્લામાંથી ૩૩૭ વિદ્યાર્થીઓ ગેરહાજર

ગાંધીનગર તા ૧૪

ધો -૧૦ માં એક દિવસની રજાના અંતે આજે સમાજ શાસ્ત્ર વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. સમાજવિજ્ઞાનનુ પેપર એકંદરે સરળ હોવાનુ પણ વિષય નિષ્ણાંતોએ જણાંવ્યુ છે. જયોર પરીક્ષામાં જિલ્લામાંતી ૩૩૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ માં સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થઈ હતી. જો કે કેટલાક પરીક્ષાર્થીઓએ બોર્ડની મેથડ મુજબ પ્રશ્નો પુછાયા ન હોવાનો રોષ પણ વ્યકત કર્યો હતો.પરીક્ષા દરમિયાન ૨૬૬૧૦ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે ૩૩૭ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત અલ્કેશ ત્રિવેદીએ જણાંવ્યુ હતુ કે સામાજિક વિજ્ઞાનનુ પેપર સરળ પુરવાર થયુ હતુ. ભાગ અ માં પાઠયપુસ્તક આધારિત એમ સી ક્યુ પુછાયા હતા. જેના લીધે વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો. અમુક એમ સી ક્યુ હોંશિયાર વિદ્યાર્થીઓને પણ મનોમંથન કરાવે તેવા હતા. જયારે ભાગ - બ માં એ અને બી માં ટવિસ્ટ પ્રશ્નો પુછાયા હતા. પ્રશ્નપત્ર ગુણભારાંક મુજબનુ અને સરળ રહ્યુ હતુ. જયારે વિષય નિષ્ણાંત નિધી શાહના જણાંવ્યા મુજબ પેપરનો ભાગ અ સરળ હતો. પરંતુ ભાગ બ ભુલભુલૈયા સમાન રહ્યો હતો. જેમાં બોર્ડના નિયમોની મેથડ તોડીને પ્રશ્નો પુછાયા હતા. જેથી વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા ૩ ગુણ વધુ મળવા જોઈએ.

## પ્રદેશ કોંગ્રેસના નેતાઓ દિલ્હી જવા રવાના

અમદાવાદ, તા. ૧૪

લોકસભાની ચૂંટણીને લઈ વિવિધ બેઠકો પર ઉમેદવારોના નામની પેનલ અને તેની પર પસંદગીને લઈ કોંગ્રેસ હાઈકમાન્ડની મંજૂરી અને અધિકૃત મહોર મેળવવાના ઈરાદાથી ગુજરાત કોંગ્રેસના નેતાઓ આજે સાંજે દિલ્હી જવા રવાના થયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિતના નેતાઓ દિલ્હી ખાતે કોંગી હાઈકમાન્ડની મુલાકાતે પહોંચ્યા છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ દ્વારા લોકસભા બેઠકોને લઈ ઉમેદવારોના નામોની ચર્ચા અને પસંદગીની કવાયત કોંગી હાઈકમાન્ડ સાથે હાથ ધરવામાં આવશે, જેમાં ૨૨ બેઠકોના ઉમેદવાર અંગે પસંદગીની મહોર મરાય તેવી શકયતા છે. વળી, આવતીકાલે તા.૧૫મી માર્ચ અને તેના બીજા દિવસે ૧૬ માર્ચ એમ બે દિવસ દરમ્યાન દિલ્હીમાં કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની મહત્વની બેઠક મળનાર છે.

# ઉમેદવારના ખર્ચની ચકાસણી માટે તંત્ર શેડો રજીસ્ટર બનાવી નજર રાખશે

**ઉમેદવારના ખર્ચની મર્યાદા ૭૦ લાખ છે : ૨૦૦થી ૩૦૦ ચીજોના ભાવ નક્કી કરાશે : મતદાન પૂર્વે ત્રણ તબક્કામાં હિસાબો ઉમેદવારે રજુ કરવા પડશે**

ગાંધીનગર, તા. ૧૪

લોકસભાની આવી રહેલ ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે તંત્ર એક શેડો રજીસ્ટર બનાવશે જેમાં ચા થી લઈ રેડિયો જીંગલ સુધીની ૨૦૦થી ૩૦૦ જેટલી ચીજવસ્તુઓના ખર્ચના ભાવ હશે.

તંત્ર દ્વારા આ શેડો રજીસ્ટર તૈયાર કરવાની કવાયત હાથ ધરાઈ છે. ગઈકાલે જિલ્લા ચૂંટણી અધિકારી વ કલેક્ટર એસ.કે. લાંગાના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ બાબતના સ્પષ્ટ સંકેત પણ આપવામાં આવ્યા હતા.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પછી ૨૦૧૭માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીના ભાવ અને આજની મોંઘવારીમાં વધેલા ભાવોને ધ્યાને રાખી માર્ગ-મકાન વિભાગના જીઈ માં નિયત થયેલા ભાવને પણ નજર સમક્ષ રાખી આ ભાવપત્રક તૈયાર થશે.

આ ભાવ-પત્રકમાં ૨૦૦થી ૩૦૦ જેટલી જુદી જુદી વસ્તુઓ સમાવવામાં આવશે. જેમકે કાર્યાલયમાં અપાતા નાસ્તાનો ખર્ચ, ભોજન સમારંભ માટે ડીશનો ખર્ચ, ચા, જાહેરાતનો ખર્ચ, ખુરશીનું ભાડુ વિગેરેનો સમાવેશ થાય છે.

તંત્ર દ્વારા હાથ ધરાયેલ કવાયતનો સંપન્ન થવામાં હજુ એકાદ સપ્તાહનો સમય લાગશે. જોકે આ મુદ્દે રાજકીય પક્ષો પાસેથી પણ કેટલાક સૂચનો માંગવામાં આવ્યા છે.

દરમ્યાન અડાલજ ત્રિમંદિર ખાતે ૧૨મી માર્ચે યોજાયેલ જનસંકલ્પ રેલીનો ખર્ચ પાર્ટી ખર્ચ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાંથી ૭૯૫૮ બેનર હોર્ડિંગ્સ અને પોસ્ટર હટાવાયા

ગાંધીનગર જિલ્લામાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ આજ સુધીમાં ૭૯૫૮ બેનર હોર્ડિંગ્સ પોસ્ટર અને ભીંત પરના લખાણો દૂર કરવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૭૫૦૬ બેનર હોર્ડિંગ્સ પોસ્ટર અને અન્ય સરકારી કચેરીઓમાં જે હતા તે દૂર કરાયા છે જ્યારે ૪૫૨ જેટલા ખાનગી મિલ્કતોમાંથી દૂર કરવામાં આવ્યા છે. જિલ્લામાં ૧૦મીએ ચૂંટણી જાહેર થતાં જ આદર્શ આચારસંહિતાના અમલની કાર્યવાહી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. હજુ પણ આ કાર્યવાહી ચાલુ જ છે. એકાદ-બે દિવસ સુધી હોર્ડિંગ્સ-બેનરો હટાવવાની કામગીરી ચાલશે તેમ મનાઈ રહ્યુ છે. ભીતો પર લખાયેલા સૂત્રો, લખાણોને પણ દૂર કરવામાં આવી રહ્યા છે. આ માટે તંત્રની ટીમો દિવસ-રાત કામગીરી કરી રહેલ છે. તંત્ર દ્વારા ૧૪૩૧ બેનરો ૧૬૧૫ જેટલા પોસ્ટર અને ૮૦૦ જેટલા ભીંત પરના લખાણો દૂર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આચારસંહિતાના અમલ માટે તંત્ર દ્વારા ખાસ ટીમો બનાવવામાં આવી છે અને આગામી દિવસોમાં તેની કડક અમલવારી માટે વધુ કર્મચારીઓને મુકવામાં આવશે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ બે કેસ મળ્યા : કુલ કેસ ૪૩ થયા

**૪ દિવસમાં ૮ કેસ સ્વાઈન ફ્લુના મળતાં તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૨ સ્વાઈન ફ્લુના કેસ મળી આવતાં તંત્ર ચિંતાતુર બન્યુ છે અને વધતા જતા કેસોને પગલે સઘન સર્વેલન્સ માટે પણ તબીબી અધિકારીઓને કડક તાકીદ કરી છે.

આજે વધુ બે કેસ મળતાં જિલ્લામાં કુલ કેસની સંખ્યા ૪૩ પર પહોંચી છે. આ નવી સિઝનમાં મહિલા દર્દીઓની સંખ્યા નોંધપાત્ર રહી છે તે પણ તંત્રની ચિંતાનો મુદ્દો છે. આજે નોંધાયેલા બન્ને કેસના દર્દી મહિલા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના છાલા ગામની ૨૭ વર્ષીય યુવતીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ આજે પરીક્ષણ દરમ્યાન જણાઈ આવતાં તેણીનીને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત દહેગામ તાલુકાના પાટનાકુવાની ૬૫ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફ્લુ પરીક્ષણ દરમ્યાન પોઝીટીવ જણાતાં તેણીનીને પણ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બન્ને દર્દીની તબિયત સ્થિર છે. જોકે તંત્રએ મળી

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **રમણભાઈ જયંતિલાલ ભટ્ટ** તા. ૧૨/૩/૨૦૧૯, મંગળવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧૫/૩/૨૦૧૯, શુક્રવારના રોજ સાંજે ૫-૩૦ થી ૭-૦૦** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

'અક્ષર નિકેતન' પ્લોટ નં. ૧૮૮/એ, સેક્ટર-૨૯, ગાંધીનગર

લિ.

| | |
|---|---|
| મેહુલ | પ્રશાંત રમણભાઈ ભટ્ટ |
| જીજ્ઞાસુ | દિવ્યાંગ (રાજુ) રમણભાઈ ભટ્ટ |
| અવિનાશ | અજય રમણભાઈ ભટ્ટ |

તથા ભટ્ટ પરિવાર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧
E-mail : gandhinagarsamachar@gmail.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com